# ગામડાની કાયાકલ્પ તરફ
# ચૂંટણીના ઘોષણાપત્ર માટે ખેતી વિષયક નોંધ

## પૂર્વભૂમિકા :

કૃષિ વિકાસનું હાલનું મોડેલ નિષ્ફળ ગયું છે. ''વધુ પકવીને બરબાદ થવાનો કાર્યક્રમ'' હવે ચાલી શકે તેમ નથી. બહારથી લાવેલી ખેત સામગ્રી વાપરીને વધુ પકવો અને વધુ કમાવો શક્ય નથી. હરિયાળી ક્રાંતિમાં અગ્રેસર પંજાબે વધુ પકવવાની લ્હાયમાં પોતાની જે અવદશા કરી છે તે ધ્યાન ખેંચે તેવી છે. NSSO ખેડૂતોની સ્થિતિનો અહેવાલ (જૂલાઈ, ૨૦૦૫) જણાવે છે કે, પંજાબમાં ખેતી આધારિત જીવતા કુટુંબની માસિક આવક રૂા.૪૯૬૦/- છે, જે આખા પરિવાર માટે દૈનિક રૂપિયા ૧૬૫/- થવા જાય છે. પંજાબમાં દેવાદાર ખેડૂત દીઠ રૂા.૬૩,૫૨૯/-નું દેવું છે અને ભારત માટે આ આંકડો ૨૫,૮૯૫/-નો છે. ભારતનું ખેડૂત કુટુંબ સરેરાશ રૂા.૨૧૧૫/- પ્રતિ માસ કમાય છે, જ્યારે તેનો માસિક ખર્ચ રૂા.૨૭૦૦/- પ્રતિમાસ છે. ઝાઝું પકવ્યા પછી ભારતીય ખેડૂત ગરીબીના-નિરાશાના અને દેવાના અને આપઘાતના ચક્રમાં ફસાયો છે. ખેતીના વ્યવસાયનું કાંઈ સન્માન નથી, એવું અનેક મોજણીઓમાં સાબિત થયું છે. ગણોતિયા અને મહિલા ખેડૂતોની સ્થિતિ એથી પણ બદતર છે.

કૃષિના પાયારૂપ જમીન, પાણી, જૈવ-વૈવિધ્ય અને હવામાન બગડતાં જાય છે. લગભગ ૨૫% જમીન ખારી કે પાણીપોચી થઈ ગઈ છે, પાણીમાં ખાતર-જંતુનાશકોના અવશેષો આવે છે. ભારતની ૬૫% ખેતી વરસાદ આધારિત છે જે બદલાતા હવામાનને કારણે અસરગ્રસ્ત બનતી જાય છે. જે કાંઈ ખેત-પેદાશો તૈયાર થાય છે તેમાં ઝેરના ભરપૂર અવશેષો છે. કેન્સર, કિડનીની બિમારી, નપુંસકતા, ડાયાબીટીસ, જાડાપણું અને હૃદયરોગ વધતા જાય છે.

ખેતી સંબંધી પ્રાકૃતિક સ્રોતો જમીન, પાણી અને બીજના અધિકારો ખેડૂતો પાસેથી છીનવાઈ રહ્યા છે. જો આ અધિકારો તેમની પાસે ન રહે તો ખેડૂતોની અને પ્રાકૃતિક સ્રોતો પર જીવતા લોકોની દશા સુધરશે નહીં. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં ૬૦% લોકો આજે પણ ખેતીમાં જીવે છે. ભારતના કરોડો કૃષિ પરિવારો ખેતી છોડીને શહેર તરફ નોકરીમાં સ્થિર થાય તેમ માનવું તે મોટી ભ્રમણા છે. ઔદ્યોગિક વિકાસના ગમે તેટલાં બણગાં ફૂંકીએ પણ તેનાથી માત્ર ૯% લોકોને જ રોજગાર મળે છે. છેલ્લાં ૨૦ વર્ષમાં ઉદ્યોગોએ માત્ર ૨.૫ કરોડ લોકોને જ રોજી આપી છે જે કામ કરતા વર્ગના માત્ર ૪% થવા જાય છે. કૃષિ ક્ષેત્ર રોજગાર વધારે આપતું હોવા છતાં GDP આધારિત વિકાસ મોડેલમાં તેનો ફાળો ઘટતો જાય છે.

કૃષિની અવદશાનો કાયમી ઉકેલ શોધવાને બદલે સરકારે જનીન રૂપાંતરિત પાકો જેવો થાગડથીગડ રસ્તો શોધી રહી છે અને વળી તે દ્વારા ઉદ્યોગ તરફી ખેતી વિકાસની વાત કરી રહી છે. ટ્રાન્સજેનિક ટેક્નોલોજી અચોક્કસ, નિયંત્રણવગરની, પાછી ન વાળી શકાય તેવી અને અણધારી અસરો પેદા કરનારી છે. સરકાર આ ટેક્નોલોજીને ખેતીની તારણહાર ગણાવે છે, જે હકીકતમાં અતિ ખર્ચાળ, જોખમી અને ખેતી વિકાસના સાચા રસ્તાથી વિમુખ છે.

FAO દ્વારા કરાયેલ વિકાસ માટે કૃષિ વિજ્ઞાન અને ટેક્નોલોજીના આંતરરાષ્ટ્રિય વિશ્લેષણ (IAASTD) જેવા અનેક અભ્યાસોમાં જણાવાયું છે કે, ખેતી વિકાસનું સાચું મોડેલ હવે પર્યાવરણમિત્ર ખેતી જ હોઈ શકે. ભારતમાં અનેક સંસ્થાઓ અને ખેડૂતોએ સાબિત કરી બતાવ્યું છે કે પર્યાવરણમિત્ર અને આર્થિક રીતે ચિરંજીવ ખેતી જે સામાજિક દૃષ્ટિએ સમાનતા લાવનારી છે, તે માત્ર શક્ય જ નહીં વધુ ફાયદાકારક છે. આવી ખેતીમાં કૃષિ-રસાયણો, જનીન રૂપાંતરિત પાકો અને કુદરતી સંશાધનો પર કંપનીઓના અધિકારોને કોઈ સ્થાન નથી.

## આશાની કિસાન સ્વરાજ માટેની માંગણીઓ

આશા માને છે કે, ભારતના અન્નદાતા તરફ નીતિ-નિર્ધારકોએ પોતાની જવાબદારી નીભાવવી જોઈએ. તેમના વિકાસ માટે, ખોરાકની સ્વાયત્તતા માટે, ગામડાંમાં ભરી પડેલી નિરાશાને હટાવવા માટે, શહેરને સ્લમના ગંદવાડથી બચાવવા માટે, સલામત, પોષક અને ઝેરમુક્ત ખોરાક દરેક ભારતીયને પહોંચાડવા માટે નીતિ-નિર્ધારકોએ હવે નકકર પગલાં ભરવાનો સમય પાકી ગયો છે. દેશ માટે શરમજનક એવી ખેડૂતોના આપઘાતની સમસ્યા હવે સર્વાંગી રીતે ઊકલવી જોઈએ. આપઘાતગ્રસ્ત કુટુંબોને પૂરતી સહાય મળવી જોઈએ. કૃષિ વિકાસ માટેના ઘોષણાપત્રમાં દેશને ખોરાકની સ્વાયત્તતા મળે, ખેડૂતોને સન્માનપૂર્વકનું રોજગાર મળે અને ખેતી ચિરંજીવ અને ઉત્પાદક બને તે માટેના ચાર મુખ્ય પાયા ઉપર કિસાન સ્વરાજ નીતિ ઘડાઈ છે.

**કિસાન સ્વરાજના ચાર પાયા :**

૧. ખેડૂતોને આવકની ખાતરી, જેથી ખેડૂતોના વ્યવસાયનું સન્માન થાય.

૨. પર્યાવરણમિત્ર ખેતી, જેથી પ્રાકૃતિક સ્રોતોનું સંવર્ધન થાય.

૩. જમીન, પાણી, બીજ, જંગલ અને જ્ઞાન પર લોકોનો અધિકાર.

૪. ભારતના દરેક નાગરિકોને મળે - ઝેરમુક્ત, વૈવિધ્યસભર, પોષક અને પૂરતો આહાર.

આ ચારેય સ્તંભોના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

## ૧. ખેડૂતોને જીવવા માટે લઘુત્તમ આવકની ખાતરી :

ગ્રામ વિકાસ અને કૃષિ મંત્રાલયને ખેડૂતો પૂરતી આવક અને સારા જીવન ધોરણ માટે જવાબદાર ઠેરવવામાં આવે. ખેતી માત્ર ટેક્નોલોજીનો નહીં, સુખચેનથી જીવવાનો મુદ્દો ગણાવો જોઈએ.

૧.૧ ખેડૂતોને પૂરતા ભાવ મળે, સમયસર માલ ખરીદાય, ખેડૂત પરિવારને લઘુત્તમ આવકની ખાતરી મળે, નાનાં-ગણોતિયા ખેડૂતો અને ખેતમજૂરો સમેત તમામને સામાજિક સુરક્ષા આપતું 'ફાર્મ ઈન્કમ કમીશન' સ્થાપવામાં આવે.

૧.૨ ઔદ્યોગિક પ્રદૂષણ, કુદરતી ઘટનાઓ અને જંગલી પશુઓના નુકસાન સામે પૂરતી વિમા અને નુકસાન ભરપાઈ કરવાની વ્યવસ્થા કરવામાં આવે.

૧.૩ ખૂબ પાણી-ઊર્જા-રસાયણો વાપરતી ખેતીને બદલે ઓછી ખર્ચાળ 'ચિરંજીવ ખેતી'ને પ્રોત્સાહન આપવામાં આવે.

૧.૪ ખેત પેદાશોના સંગ્રહ, ખરીદી, પ્રક્રિયા, બજાર માટે વિકેન્દ્રિત ખેતી-વ્યવસ્થાને ગ્રામ સ્તરે પ્રોત્સાહન આપવામાં આવે તે માટે ખેડૂત-ગ્રાહક મંડળો ઉભાં કરવામાં આવે.

૧.૫ ભારતના ખેડૂતોની આવક અને સુખચેનની ખાતરી પછી જ ખેત પેદાશ અંગેની આંતરરાષ્ટ્રિય સંધિઓ તથા આયાત-નિકાસ કરવામાં આવે તેમાં ખેડૂત સંગઠનોને સામેલ કરવામાં આવે.

## ૨. પર્યાવરણમિત્ર, ચિરંજીવ ખેતીનો પ્રસાર :

૨.૧ ભારતની ખેતીને ૧૦%ના વાર્ષિક દરથી રસાયણમુક્ત અને પર્યાવરણમિત્ર ટેક્નોલોજી તરફ વાળવામાં આવે. તેની શરૂઆત વરસાદ આધારિત ખેતીથી કરવામાં આવે. તે માટે સારી વિસ્તરણ-વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

૨.૨ કૃષિ માટે વપરાતા સંશોધન-ખર્ચના ૫૦% રકમ ઓછી ખર્ચાળ, સજીવ ખેતી માટે કરવામાં આવે. આવા સંશોધનોને, સંશોધનની ભલામણોને માત્ર આર્થિક માપદંડોથી નહીં પણ પર્યાવરણ ચિરંજીવિતાના માપદંડોથી ચકાસવામાં આવે. કંપનીઓના એજન્ડા પ્રમાણે નહીં, પણ ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સંશોધન કરવામાં આવે.

૨.૩ સુપ્રિમ કોર્ટની 'ટેક્નિકલ એક્સપર્ટ કમિટિ' અને સંસદની કૃષિ સમિતિ સમેતની અનેક મોભાદાર સમિતિની ભલામણો મુજબ જનીન રૂપાંતરિત પાકોને ખુલ્લાં ખેતરમાં છોડવા ઉપર મોરેટોરિયમ જાહેર કરવામાં આવે.

૨.૪ કૃષિ રસાયણો પર અપાતી સબ્સીડીને ધીમે ધીમે બંધ કરી, તેને સજીવ ખેતીની ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા તરફ વાળવામાં આવે. વિશ્વભરમાં પ્રતિબંધિત જંતુનાશકો પર તાત્કાલિક પ્રતિબંધ લાદવામાં આવે.

૨.૫ સજીવ ખેતીના વિસ્તરણને પ્રાધાન્ય આપવામાં આવે. તેવા ખેડૂતોને બજારની વ્યવસ્થા કરી આપવામાં આવે. તેવા ખેડૂતો દ્વારા થતી પર્યાવરણીય સેવાઓનું મૂલ્ય આંકી તેનું વળતર ચૂકવવામાં આવે.

૨.૬ સૂકી ખેતીવાળા વિસ્તારો માટે નાણાંની અલગ વ્યવસ્થા કરી પાકને જીવન રક્ષક પિયતની વ્યવસ્થા કરવામાં આવે. દુષ્કાળમાં ટકી જવાય તેવી ખેતી પદ્ધતિઓનો પ્રસાર કરવામાં આવે.

## ૩. પ્રાકૃતિક સ્રોતો પર લોકો-ખેડૂતોનો કબજો :

૩.૧ બીજના અધિકારો ખુલ્લાં રહે (open source) એવી વ્યવસ્થાને પ્રોત્સાહન અપાય, બીજ પર બૌદ્ધિક અધિકારો ન અપાય. જૈવ-વૈવિધ્યની ચોરીને રોકવામાં આવે. NBPGR પાસેની તમામ માહિતી પર ખેડૂતોના અધિકાર સ્થાપવામાં આવે. સીડ બીલમાં ખેડૂતમિત્ર વ્યવસ્થા કરવામાં આવે.

૩.૨ જમીન પર ખેડૂતો, ગણોતિયા અને મહિલા ખેડૂતોના અધિકારને કાયમ કરી શકે તેવી સર્વાંગી જમીન માલિકી અને જમીન ઉપયોગ નીતિ તૈયાર કરવામાં આવે.

૩.૩ જળસ્રોતનું ખાનગીકરણ રોકવામાં આવે. સપાટી પરના પાણી (નદી, નહેર, તળાવનું પાણી)ને ઉદ્યોગો માટે વાપરવાની છૂટ ન હોવી જોઈએ, તે માત્ર ખેતીમાં જ વપરાવું જોઈએ. તમામ ખેતરને જીવનરક્ષક સિંચાઈની સુવિધા પુરી પાડવામાં આવે.

૩.૪ જંગલો પર સ્થાનિક લોકોના અધિકારોને કાયમ કરવામાં આવે. PESA અને FRA જેવા કાયદાને શબ્દશઃ અને તેના યોગ્ય ભાવ સાથે અમલમાં મૂકવામાં આવે.

## ૪. દરેક ભારતીયને ઝેર મુક્ત, વૈવિધ્યસભર, પોષક અને પૂરતો આહાર :

૪.૧ ગ્રાહકના પસંદગીના અધિકારનું સન્માન કરી જંતુનાશકો ધરાવતા કે જનીન રૂપાંતરિત ખોરાકની લેબલીંગની વ્યવસ્થા કરવામાં આવે. કૃષિમાં વપરાતી ઝેરી ટેક્નોલોજીને ક્રમશઃ પ્રતિબંધિત કરવામાં આવે. જેથી સલામત, પોષક અને પૂરતો ઝેરમુક્ત ખોરાક સૌને મળી રહે.

૪.૨ સ્થાનિક વૈવિધ્યસભર ખેત-પેદાશોના યોગ્ય ખરીદી-સંગ્રહ અને વિતરણ થકી ખોરાક સલામતી યોજના ચલાવવામાં આવે. જાહેર વિતરણ વ્યવસ્થાને શક્ય તેટલી વિકેન્દ્રિત કરી તેમાં ધાન્યો, કઠોળ, તેલીબિયાં, જાડાં ધાન્યોને સામેલ કરવામાં આવે. સજીવ ખેતી આધારિત કિચન ગાર્ડનને ખાસ કરીને ICDS જેવી યોજનામાં પ્રોત્સાહન આપવામાં આવે.

૪.૩ જેની ખેતી થતી નથી તેવી જંગલમાં ઉગતી ખાદ્ય પેદાશોનું મહત્ત્વ સમજવામાં આવે અને તેને જંગલ-વિકાસ નીતિમાં સામેલ કરવામાં આવે.

સમગ્ર કિસાન સ્વરાજ નીતિને અમલમાં મૂકવા શાળા કક્ષાએથી શરૂ કરી શિક્ષણના તમામ સ્તરે ચિરંજીવ ખેતી અને ખેડૂતોના સુખચેનના મુદ્દાને સમાવવામાં આવે જેથી સમાજ આ બાબતે સંવેદનશીલ બને.

આ નોંધ આશા (ASHA-Alliance for Sustainable and Holistic Agriculure) દ્વારા તૈયાર કરાઈ છે. ASHAએ ૪૦૦ ખેડૂત અને અન્ય સંગઠનોનું બનેલું દેશવ્યાપી લચીલું સંગઠન છે. જેમાં વૈજ્ઞાનિકો, બાયોટેક્નોલોજીસ્ટ, પર્યાવરણ નિષ્ણાતો, સ્વાસ્થ્ય નિષ્ણાતો, ગ્રાહક પ્રતિનિધિઓ વગેરે સામેલ છે.

---

વધુ વિગત માટે www.kisanswaraj.in નો સંપર્ક કરો.


૧. ગુજરાતમાં આશાનો સંપર્ક : કપિલ શાહ : Cell : 094270 54132, email : jatantrust@gmail.com

૨. Kavitha Kuruganthi : Cell : 09393001550, email : kavitha.kuruganthi@gmail.com

૩. Pankaj Bhushan : Cell : 09472999999, email : kisanswarajpankaj@gmail.com


★ ★ ★